અનુસંધાન ... પાના પહેલાનું

ખાડીપુરને લીધે...

લોકોના લાખો રૂપિયાના બંગલામાં પાણી છે તો લાખો રૂપિયાના ફ્લેટની ફરતે પાણી ભરાયેલા છે. ગગનચૂંબી ઈમારતોની ચારે તરફ પાણી છે. ખાડી નજીકના વિસ્તારમાં બીજા દિવસે પણ રસ્તાઓ દેખાતા નથી. લોકોને બચાવવા માટે બોટ ફેરવવી પડી રહી છે. ગઈકાલે ખાડીપૂર બાદ ફરી આજે સવારે ભેદવાડ, સીમાડા અને મીઠીખાડી ફરી ઓવરફ્લો થઈ ગઈ હતી. ખાડીપૂરના કારણે ગઢપુર રોડ, કઠોદરા ગામ, વ્રજચોક, વાલમ નગર અને વી.ટી.નગર, ઉધનામાં પંચશીલનગર પાસે, સંજયનગર વસાહત અને અમીઝરા રેસિડન્સી સુધીનો રોડ, સચિન-કનકપુરમાં સચિન કોમ્યુનિટી હોલ પાસે, કનસાડ-પાલી રોડ અને ઉન ખાતે સંજારનગર ખાડી બ્રિજ પાસેનો વિસ્તાર, અને લિંબાયતમાં ગોવિંદનગર ગરનાળા મેઈન રોડ, મીઠી ખાડીનો વિસ્તાર, રતનજીનગર, મઝદા પાર્ક, કમરૂનગર આવાસ, વીર આહીર ચોકથી ડીએમડી માર્કેટ, સાઈ આશિષ સોસાયટી, માધવ બાગ, ગોપાલનગર સોસાયટી, ડિંડોલી સાંઈદર્શન સોસાયટી, ગોવિંદનગર ગરનાળા અને રૂપનગર ગરનાળામાં પાણીનો ભરાવો રહ્યો હતો. ખાડી આસપાસના લોકોને મનપા દ્વારા સ્થળાંતરની કામગીરી કરવામાં આવી હતી.

મહાયુદ્ધના મંડાણ:...

'ખતમ' થઈ ચૂક્યો છે. ટ્રમ્પે ઈરાનના નેતૃત્વને 'બીમાર અને હિંસક લોકોનું ટોળું' ગણાવતા ચેતવણી આપી છે કે, 'અમે ગઈકાલે રાત્રે તેમના પર જોરદાર હુમલો કર્યો હતો અને આજે રાત્રે ફરીથી તેનાથી પણ મોટો હુમલો કરવા જઈ રહ્યા છીએ.'

સેન્સેક્સ 1,677...

થયું હતું. 30 શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ 1,677.12 પોઇન્ટ અથવા 2.15 ટકા તૂટીને 76,503.60 પર બંધ રહ્યો હતો. આ જ રીતે 50 શેરો ધરાવતો એનએસઈ નિફ્ટી 516.65 પોઇન્ટ અથવા 2.12 ટકા ગગડીને 23,882.05 પર બંધ થયો હતો. શેરબજારમાં મંદીના વલણને પગલે, બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. 8.96 લાખ કરોડ ઘટીને રૂ. 4,71,23,612.10 કરોડ (4.95 ટ્રિલિયન યુએસ ડોલર) થઈ ગયું હતું.

ક્રૂડ ઓઈલના...

વાટાઘાટોને સમયનો બગાડ ગણાવી છે અને અમેરિકા ફરીથી મોટા સૈન્ય હુમલાની તૈયારી કરી રહ્યું હોવાનું જણાવ્યું છે. આ ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતાના કારણે વિશ્વભરના શેરબજારો ગગડ્યા છે અને ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તેલ પુરવઠો ખોરવાવાની આશંકાથી બ્રેન્ટ ક્રૂડનો ભાવ 4.8% વધીને 77.74 ડોલર પર પહોંચ્યો હતો, જે સવારના સમયે 79 ડોલરને પાર કરી ગયો હતો. કાચા તેલના ભાવ વધવાથી વૈશ્વિક સ્તરે મોંઘવારી (ઇન્ફ્લેશન) વધવાની ચિંતા પેદા થઈ છે, જેના કારણે ફેડરલ રિઝર્વ સહિતની સેન્ટ્રલ બેંકો વ્યાજદરમાં વધારો કરી શકે છે.

ઈરાનનો બહરીન...

ઠેકાણાઓ પર અંદાજે 85 મિસાઈલો દાગી દીધી હતી. બહરીનમાં આવેલું અમેરિકી નૌકાદળના પાંચમા બેડાનું મુખ્ય મથક અને કુવૈતનું અલી અલ સલેમ એર બેઝ ઈરાનના નિશાના પર હતા. બંને દેશોમાં સવારે મિસાઈલ એલર્ટના સાયરન વાગ્યા હતા અને એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય થઈ હતી. કુવૈતે સત્તાવાર રીતે જણાવ્યું છે કે તેણે ઈરાન તરફથી છોડવામાં આવેલી 2 બેલિસ્ટિક મિસાઈલો અને 13 ડ્રોનને હવામાં જ તોડી પાડ્યા હતા.

હોર્મુઝની ખાડીમાં...

બનાવ્યા. ઓમાનના દરિયાકાંઠાની નજીક આ તેલ ટેન્કરો પર રોકેટ અને ડ્રોન વડે હુમલા કરાયા, જેના કારણે કતરના ગેસ ટેન્કરમાં ભયાનક આગ લાગી ગઈ હતી. ઈરાને દાવો કર્યો કે આ જહાજો તેમના દ્વારા નક્કી કરાયેલા રૂટ પરથી પસાર નહોતા થઈ રહ્યા, તેથી સુરક્ષાની કોઈ ગેરંટી નથી. ઈરાની હુમલાના જવાબમાં અમેરિકાએ તાત્કાલિક કાર્યવાહી કરી હતી. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે ઈરાનની વાયુસેનાના સંરક્ષણ પ્રણાલી, દરિયાકાંઠાના રડાર સ્ટેશનો અને જહાજોને ધમકી આપવા માટે વપરાતી IRGCની 60થી વધુ નાની સૈન્ય બોટોને મિસાઈલ મારીને તોડી પાડી હતી.

ઈરાની નેતૃત્વમાં...

જળમાર્ગ પર કાયમી નિયંત્રણ ઈચ્છે છે, કારણ કે તે વૈશ્વિક ઈંધણ પુરવઠા માટે ખૂબ જ મહત્વનો માર્ગ છે અને પશ્ચિમી દેશો સામે દબાણ લાવવા માટેનું એક મોટું હથિયાર છે. બીજી તરફ, ઈરાનનું ઉદારવાદી જૂથ અમેરિકા સાથે કાયમી શાંતિ કરાર ઈચ્છે છે જેથી આંતરરાષ્ટ્રીય આર્થિક પ્રતિબંધો હટી શકે અને દેશને આર્થિક સંકટમાંથી મોટી રાહત મળી શકે.

નિજ્જરની હત્યા માટે...

જેમાંથી 11 લોકો કેલિફોર્નિયામાંથી પકડાયા છે. આ લોકો ભારતમાં સક્રિય ત્રણ આંતરરાષ્ટ્રીય સંગઠિત ગુનાહિત ગેંગ સાથે જોડાયેલા છે. આ એજન્સીઓ હાલ અમેરિકા, ભારત અને યુરોપમાં અન્ય 10 ફરાર ગુનેગારોને શોધી રહી છે. લોરેન્સ બિશ્નોઈ વર્ષ 2015થી ભારતની જેલમાં બંધ છે અને ત્યાંથી જ તે પોતાના સાથીઓ બરાર, રોહિત ગોદારા અને સુખરાજ સિંહ કંગની મદદથી વોટ્સએપ જેવા પ્લેટફોર્મ દ્વારા વૈશ્વિક નેટવર્ક ચલાવતો હતો.

વરસાદનો પ્રકોપ,...

દબાયા હોવાની આશંકા છે. દિલ્હી અને મુંબઈના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કેરળ, મહારાષ્ટ્ર, ગુજરાત અને જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રીઓ સાથે ફોન પર વાતચીત કરીને ત્યાં ભારે વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને કેન્દ્ર તરફથી તમામ સંભવિત મદદની ખાતરી આપી હતી. કેરળના વાયનાડમાં પણ ટનલ પ્રોજેક્ટ સાઈટ પર માટી ધસી પડવાને કારણે ગુમ થયેલા 5 લોકોની શોધખોળ હજુ પણ ચાલુ છે. મહારાષ્ટ્રમાં ભારે વરસાદને કારણે નદીઓ જોખમી સપાટીથી ઉપર વહી રહી છે. પુણે જિલ્લાના પિંપરી ચિંચવડના મોશી વિસ્તારમાં એક ત્રણ માળની બિલ્ડિંગ પર કચરાનો મોટો ઢગલો ધસી પડતાં તે ધરાશાયી થઈ હતી, જેમાં 16 લોકો ફસાયા હોવાની આશંકા છે. આ બિલ્ડિંગનો ઉપયોગ એક ખાનગી કંપનીની વહીવટી ઓફિસ તરીકે થતો હતો. નાસિકમાં ગોદાવરી નદીનું જળસ્તર સતત વધી રહ્યું હોવાથી વહીવટીતંત્રે કાંઠાના વિસ્તારમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસી જવા અપીલ કરી છે.

દિલ્હીના રોહિણીમાં...

ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે કામ કરી રહ્યા છે. મકાન ધરાશાયી થતાં જોરદાર અવાજ અને કાટમાળ નીચેથી મદદ માટેની ચીસો સાંભળીને ગભરાયેલા સ્થાનિક રહેવાસીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વિશિષ્ટ બચાવ ટીમો પહોંચે તે પહેલાં સ્થાનિકોએ ફસાયેલા લોકો સુધી પહોંચવાના ભગીરથ પ્રયાસમાં પોતાના ખુલ્લા હાથે તૂટેલી ઈંટો, કોંક્રીટના ચોસલા અને વળેલા લોખંડના સળિયા હટાવવાનું શરૂ કરી દીધું હતું.

રાજસ્થાનમાં બે-ત્રણ...

પૂરના કારણે ગાણવી ખાડ નદી પરનો કામચલાઉ બ્રિજ તૂટી જતાં ક્યાઓ અને કુત પંચાયતોનો સંપર્ક તૂટી ગયો છે, જેનાથી સ્થાનિક લોકો મુશ્કેલીમાં મુકાયા છે. હિમાચલ પ્રદેશમાં પૂરમાં ફસાયેલા મુસાફરો અને સ્થાનિક લોકો રસ્તો સાફ કરવા પથ્થરો હટાવતા હોય તેવા વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે.

દિલ્હી ડાયરી...

પક્ષ સાથે જોડાણ કરવા પણ માંગતા હતા, પરંતુ ભૂતપૂર્વ નાણા મંત્રી પી. ચિદમ્બરમ અને તેમના સાંસદ પુત્ર કાર્તિ ચિદમ્બરમ સહિતના જૂના નેતાઓએ તેમના આ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસના સુપ્રિમો મમતા બેનર્જી સામે ગાંધીના પ્રચારને પણ એક એવા નેતા તરીકે જોવામાં આવી રહ્યો છે જેઓ સમજી ગયા હતા કે પશ્ચિમ બંગાળમાં તેમનો પક્ષ પોતાની પકડ ગુમાવી રહ્યો છે.

સિંધુ જળસંધિ સ્થગિત થવાને કારણે, પાકિસ્તાનમાં પાણીનું ભયંકર સંકટ પેદા થશે

■ સંજય વોરા ■ (ટુ ધ પોઈન્ટ)

પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના નેતા બિલાવલ ભુટ્ટો ઝરદારીએ કહ્યું છે કે સિંધુ જળસંધિનું રક્ષણ કરવામાં આવશે અને ભારતને તેનો જવાબ આપવામાં આવશે. પાકિસ્તાન સિંધુ જળસંધિ પર કોઈ પણ સમાધાન કરવા તૈયાર નથી અને જો જરૂર પડે તો યુદ્ધ લડવા માટે પણ તૈયાર છે. પાકિસ્તાની સેનાએ પોતાના કડક નિવેદનમાં કહ્યું છે કે તે સિંધુ જળસંધિ હેઠળ પાકિસ્તાનને મળેલા પાણીના અધિકારોના રક્ષણ માટે તમામ જરૂરી પગલાં લેશે. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારતે પાકિસ્તાન સાથેની સિંધુ જળસંધિ સ્થગિત કરી દીધી હતી. આનો અર્થ એ થયો કે ભારત પાકિસ્તાન સાથે કોઈ માહિતી શેર કરશે નહીં કે સંધિ સંબંધિત કોઈ પણ બેઠકોમાં ભાગ લેશે નહીં. ગયા વર્ષે ૨૩ એપ્રિલે નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (CCS) ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારતીય વિદેશ મંત્રાલયે ૩ જુલાઈના રોજ કહ્યું હતું કે જ્યાં સુધી પાકિસ્તાન સરહદ પારના આતંકવાદને સમર્થન આપવાનું બંધ ન કરે ત્યાં સુધી સિંધુ જળસંધિ સ્થગિત રહેશે.

પહેલગામ હુમલાના એક દિવસ પછી, ભારતે ૨૩ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ સિંધુ જળસંધિ સ્થગિત કરી દીધી હતી અને ૩૦ જુલાઈ, ૨૦૨૫ ના રોજ ૧,૮૫૬ મેગાવોટના સાવલકોટ જળવિદ્યુત પ્રોજેક્ટના નિર્માણ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. બે તબક્કામાં પૂર્ણ થનારા આ પ્રોજેક્ટનો ખર્ચ ૨૨,૭૦૫ કરોડ રૂપિયા થવાનો અંદાજ છે. આનો અર્થ એ થયો કે ભારતે હવે ઔપચારિક રીતે સિંધુનાં પાણીનો ઉપયોગ પોતાની વિવેકબુદ્ધિથી કરવા માટે પગલાં લીધાં છે. ભારત આગામી દિવસોમાં સિંધુની પશ્ચિમી નદીઓ પર અન્ય ઘણા જળવિદ્યુત પ્રોજેક્ટો પર કામ ઝડપી બનાવવા માટે પણ તૈયાર છે. આમાં રાતલે, કિરુ, ક્વાર અને પાકલ દુલ પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે, જે બધા ચેનાબ અથવા તેની ઉપનદીઓ પર બાંધવામાં આવનાર છે. સાવલકોટ પ્રોજેક્ટ જમ્મુ અને કાશ્મીરનો સૌથી મોટો જળવિદ્યુત પ્રોજેક્ટ હશે, જેની ક્ષમતા બગલીહાર કરતાં વધુ હશે. સાવલકોટ પ્રોજેક્ટ આ ક્ષેત્રમાં બદલાતી ભૂરાજનીતિનો પાયો પણ નાખશે, જેને કારણે પેદા થનારી પાણીની અછત અને પીડાનો પાકિસ્તાન તેના બાકીના જીવનભર અનુભવશે.

૧૯૬૦માં વિશ્વ બેંકની મધ્યસ્થી હેઠળ હસ્તાક્ષર કરાયેલ સિંધુ જળસંધિ ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ નદી પ્રણાલીમાંથી પાણીની વહેંચણીને નિયંત્રિત કરે છે. તેના હેઠળ ભારત મુખ્યત્વે પૂર્વમાં વહેતી રાવી, બિયાસ અને સતલજ નદીઓનો ઉપયોગ કરે છે, જ્યારે પાકિસ્તાન પશ્ચિમમાં વહેતી સિંધુ, ઝેલમ અને ચિનાબ નદીઓમાંથી મોટા ભાગનું પાણી મેળવે છે. દાયકાઓ સુધી આ સંધિ બંને દેશો વચ્ચેના સૌથી સફળ કરારોમાંની એક માનવામાં આવતી હતી, જે યુદ્ધો અને રાજદ્વારી તણાવમાંથી બચી ગઈ હતી. જો કે, ૨૦૨૫ના પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારતે આ હુમલા માટે પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદને દોષી ઠેરવ્યો અને સંધિને સ્થગિત કરી દીધી હતી. પાકિસ્તાનનો આરોપ છે કે ભારત ચેનાબ નદી પરના બે પ્રોજેક્ટો દ્વારા પશ્ચિમી નદીઓમાં પાણીના પ્રવાહ અને તેના ઉપયોગની સ્થાપિત પેટર્નમાં ફેરફાર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. પાકિસ્તાને એવો દાવો કર્યો છે કે સિંધુ નદીની શાખાઓ ઉપરના ૧૭ ભારતીય પ્રોજેક્ટો ભારતને જળ સંસાધનો પર વધુ નિયંત્રણ આપી શકે છે અને પાકિસ્તાનને તરસે મારી શકે છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની સિંધુ નદી પ્રણાલીમાં છ મુખ્ય નદીઓનો સમાવેશ થાય છે: સિંધુ, ચિનાબ, જેલમ, રાવી, બિયાસ અને સતલજ. આ નદીઓના પાણીનો ઉપયોગ બંને પડોશી દેશોમાં પીવાના પાણી, ખેતી અને વીજળી ઉત્પાદન માટે થાય છે. સરહદની બંને બાજુ કરોડો લોકોનું જીવન આ પાણી પર નિર્ભર છે. વાસ્તવિકતા એ છે કે દાયકાઓથી આ નદીઓનાં પાણીની વહેંચણીમાં અસમાનતા રહી છે અને પાકિસ્તાન આ અનુચિત લાભનો ઉપયોગ કરી રહ્યું છે. ૧૯૪૭માં જ્યારે ભારત અને પાકિસ્તાનનું વિભાજન થયું ત્યારે સિંધુ નદી પ્રણાલી પણ વિભાજીત થઈ ગઈ હતી. આ નદીઓની ભૌગોલિક સ્થિતિને કારણે તેમનું પાણી ભારતમાં થઈને પાકિસ્તાનમાં વહે છે. પાકિસ્તાનની ખેતીનો મોટો ભાગ આ નદીઓના પ્રવાહ પર આધારિત છે. ભારતને આ પાણીની પોતાની જરૂરિયાતો માટે અને પંજાબ અને રાજસ્થાન જેવાં રાજ્યોમાં વિકાસ પ્રોજેક્ટો માટે જરૂર છે. તેમ છતાં ભારતે તેના પાડોશી સાથે સારા સંબંધો જાળવવા માટે પોતાની જરૂરિયાતોનું બલિદાન આપ્યું અને ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૦ ના રોજ વિશ્વ બેંક દ્વારા મધ્યસ્થી કરાયેલા એક ખૂબ જ ઉદાર કરાર પર હસ્તાક્ષર કર્યા. આ દરખાસ્તમાં ભારતના હિતોને નુકસાન પહોંચાડતી ઘણી શરતો હતી, પરંતુ ભારત સરકારે સદ્ભાવનાની ભાવનાથી તેને તરત જ સ્વીકારી લીધી. જોકે, પાકિસ્તાને તેને ઔપચારિક રીતે મંજૂરી આપવામાં લગભગ પાંચ વર્ષનો સમય લીધો. ભારતના ઉદાર વલણ છતાં તેના પર અનેક પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા, જ્યારે પાકિસ્તાને કોઈ પણ પ્રતિબંધ વિના નવી રીતે પશ્ચિમી નદીઓના પાણીનો ઉપયોગ કરવાનું ચાલુ રાખ્યું હતું.

પાકિસ્તાનને સિંધુ જળ પ્રણાલીના લગભગ ૮૦ ટકા પાણી પર અધિકાર મળ્યો, જ્યારે ભારતને તેના તમામ દાવા છોડી દેવા છતાં માત્ર ૨૦ ટકા જેટલું જ પાણી મળ્યું. વિશાળ પશ્ચિમી નદી પ્રણાલી પરના તેના તમામ દાવાઓ છોડી દેવાના બદલામાં ભારતને ફક્ત તેટલું જ પાણી આપવામાં આવ્યું જેટલું તે પહેલાંથી જ વાપરી રહ્યું હતું. આ સંધિની સૌથી અસામાન્ય શરત તેની નાણાંકીય જોગવાઈઓ હતી. ભારતે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં પાણીનાં માળખાંના વિકાસ માટે આશરે ૬.૨ કરોડ પાઉન્ડનું વળતર ચૂકવવા સંમતિ આપી હતી. આ દુનિયામાં એક અનોખું ઉદાહરણ છે, જ્યાં ઉપલા નદી કિનારાના દેશ ભારતને તેના પાણીના અધિકારો છોડી દેવાની ફરજ પાડવામાં આવી હતી અને તેને નીચલા નદી કિનારાના દેશ પાકિસ્તાનને વળતર ચૂકવવાની ફરજ પડી હતી. આમ ભારતે આ સંધિ સ્વીકારી હતી, જે પાકિસ્તાનની તરફેણમાં હતી. આંતરરાષ્ટ્રીય વિશ્લેષકો માને છે કે ભારતે પહેલીવાર પાણીને વ્યૂહાત્મક અને શરતી મુદ્દો બનાવ્યો છે. ગ્રીક વિશ્લેષક દિમિત્રા સ્ટેઇકોઉએ જણાવ્યું હતું કે પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારતે સ્પષ્ટ કરી દીધું હતું કે લોહી અને પાણી એક સાથે વહી શકતાં નથી. ભારતે તેના પ્રદેશમાં ચિનાબ નદી પર કેટલાક બંધો બાંધી રહ્યું છે, જેને કારણે પાકિસ્તાનમાં પાણીનું સંકટ પેદા થયું છે.

ભારત સિંધુ ખીણમાં સાવલકોટ, રાતલે, બુર્સર, પાકલ દુલ, ક્વાર, કિરુ અને કીર્થાઈ I અને II જેવા અનેક જળવિદ્યુત પ્રોજેક્ટો પર કામ કરી રહ્યું છે. જ્યારે આ બંધો તૈયાર થઈ જશે ત્યારે પાકિસ્તાનમાં વહેતાં પાણીનો પ્રવાહ પાતળો પડી જશે. એ નોંધવું જોઈએ કે પાકિસ્તાનની લગભગ ૮૦-૯૦ ટકા ખેતી સિંધુ નદીનાં પાણી પર આધારિત છે. તેની પાણી સંગ્રહ ક્ષમતા ભાગ્યે જ એક મહિનાના પાણીના પ્રવાહને સંભાળી શકે છે. તેના મુખ્ય જળાશયો તરબેલા અને મંગલા ડેડ સ્ટોરેજની નજીક છે. ભારતનાં આ પગલાંથી ઇસ્લામાબાદ ચિડાઈ ગયું છે. છેલ્લાં એક વર્ષમાં પાકિસ્તાને રાજદૂતોને બોલાવ્યા છે, વિશ્વભરમાં પ્રતિનિધિમંડળો મોકલ્યાં છે, સંયુક્ત રાષ્ટ્રને પત્રો લખ્યા છે, અસંખ્ય કાનૂની કાર્યવાહી શરૂ કરી છે અને આંતરરાષ્ટ્રીય પરિષદોનું આયોજન કર્યું છે.

હાથમાં વાટકો લઈને દુનિયાભરમાં ફરતું પાકિસ્તાન છેલ્લાં એક વર્ષથી પાણીનાં દરેક ટીપાં માટે તડપી રહ્યું છે. તેનું કારણ ભારતનું પાકિસ્તાન સામે કડક વલણ અને પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સિંધુ જળ સંધિને સસ્પેન્ડ કરવાનું પગલું છે. ભારતના આ કડક પગલાંએ પાકિસ્તાનને હચમચાવી નાખ્યું છે અને તે દરરોજ નવી ધમકીઓ આપી રહ્યું છે. પાકિસ્તાનના જળવાયુ પરિવર્તન મંત્રી મુસાદિક મલિકે હવે આ મામલે નવી ધમકી આપી છે કે જે કોઈ પણ પાકિસ્તાનના ભાગના પાણીને સ્પર્શ કરશે તેના હાથ કાપી નાખવામાં આવશે. ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે તાજેતરમાં સ્પષ્ટ કર્યું હતું કે ભારત આ મુદ્દા પર પીછેહઠ કરશે નહીં. પહલગામ આતંકવાદી હુમલા પછી સિંધુ જળ સંધિને સ્થગિત કરીને અમે સ્પષ્ટ કરી દીધું છે કે જેમનાં આંસું સુકાઈ ગયા છે તેઓએ અમારી પાસેથી પાણીની અપેક્ષા રાખવી જોઈએ નહીં. અમે સિંધુ નદીનું પાણી આતંકવાદીઓના નેતાઓ અને માનવતાના દુશ્મનો સુધી પહોંચવા દઈશું નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

પાકિસ્તાને એવો દાવો કર્યો છે કે સિંધુ નદીની શાખાઓ ઉપરના ૧૭ ભારતીય પ્રોજેક્ટો, ભારતને જળ સંસાધનો પર વધુ નિયંત્રણ આપી શકે છે અને પાકિસ્તાનને તરસે મારી શકે છે

ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર
જાહેર નિવિદા નં ૧૧ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોન નં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ ખાસ મરામતના ૧ કામ તથા બેંક હાઉસ ના ૧ કામ માટે યોગ્ય લાયકાત ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૫.૯૧ અને ૧૩.૨૮ લાખની છે. ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૨૩/૦૭/૨૦૨૬ ૧૮:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.
માહિતી/નર્મદા/૧૩૯/૨૦૨૬-૨૭

SURAT MUNICIPAL CORPORATION
EAST ZONE-A
E-TENDER (ONLINE) INVITATION NOTICE
No. DMC/EZ-A/02/2026-2027

FIT INDIA

Tender for invited for various Depat. Works On line on web site https://smctender.nprocure.com from Government Approved Contractor with following schedule.

S.N.	Name of the Dept.	Housing Dep.	Land & Esatate Dep.	Drainage Dep.	Total work	Total Est.Cost Rs. (Lakh)
01	No. of Work	08	01	02	11	2157.57

The detail tender Notice will be made available on website (Visit Us www.suratmunicipal.gov.in).

No.PRO/118/2026-27
Date:- 08/07/2026

Deputy Municipal Commissioner
East Zone (Varachha) - A
Surat Municipal Corporation.

(ટૂંકી મુદતની જાહેર નિવિદા નં-૬ સને. ૨૦૨૬-૨૭)

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી ના.કા.ઇ.(મા×મ) પેટા-વિભાગ માંડવી દ્વારા રહેણાંક/બિન રહેણાંક મકાનોના તથા રસ્તા મરામતના કામો માટે ઇ ૧ તથા તેની ઉપરની કક્ષાના નોંધણી ધરાવનાર માન્ય ઇજારદારો પાસેથી રજી.પોસ્ટ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ થી ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની તારીખ: ૧૩/૦૭/૨૦૨૬ અને પરત મેળવવાની તારીખ:૨૦/૦૭/૨૦૨૬. આ કામોની વિગતવાર નોટિસ કચેરીના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટિસ અંગેની વધુ માહિતી માટે કચેરીના જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઇજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

નાયબ કાર્યપાલક ઇજનેર
(મા×મ) પેટા વિભાગ
માંડવી

ક્રમાંક/માહિતી-સૂરત/૩૫૧/૨૦૨૬

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Ankleshwar Industrial Division
Third Floor, Opp. ONGC Workshop, Nr. Over Bridge, Ankleshwar - 393001, Gujarat

DGVCL

Toll Free No. 19123 or 1800 233 3003

Tender Notice No. ANK/IND/EXP/26-27/Adv. No. 03

Tenders are invited for the works of (1) Erection and maintenance of HT/LT lines and T/C structures and erection, testing & commissioning of 11/22 kV underground XLPE cable (XLPE cable will be supplied by DGVCL) with 11/22 kV cable end termination & straight through jointing kits (to be supplied by the contractor) for Ankleshwar Town and Ankleshwar East sub-divisions and all other sub-divisions under the jurisdiction of Ankleshwar Industrial Division for all other Scheme works. (2) Supply of HV/LV brass metal and various in-house materials under Ankleshwar Industrial Division. Details are available on www.dgvcl.com and http://dgvcl.nprocure.com.

EE (O&M), Ankleshwar Ind. Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

FIT INDIA *"Let's to gether We adopt Water Recharging Borewell System"*

SURAT MUNICIPAL CORPORATION
HYDRAULIC DEPARTMENT
(Visit us at www.suratmunicipal.gov.in)

OFFLINE TENDER NOTICE NO : DMC/HYD/ 08 /2026-27

Sealed tenders are invited from the experienced contractors/ firms who are registered with any State Govt. / Central Govt. / Surat Municipal Corporation, in appropriate class, for the works as mentioned below by Govt. Registered Post / Speed Post only.

1	Name of the department	Head Water Works
	No.of works	02
2	Total Estimated Cost of Tender	Rs. 7.00 Lacs

No. P.R.0./116/2026-27 Deputy Municpal Commissiner(D.)
Date :- 08-07-2026 Surat Municipal Corporation

Surat Municipal Corporation FIT INDIA

Solid waste management

E-Tender Notice (On line) No. SWM /MoH/ 05/2026-27

Online tenders are invited on https://smctender.nprocure.com for the various works of Solid waste management. from the various agencies.

1	Name of the department	Solid waste management
2	No of the works	01
3	Total Estimated cost of Tender Rs.	Rs. 7,91,89,125.36/-

The detail tender notice will be made available at above address and on website www.suratmunicipal.gov.in

No. P.R.O./119/2026-27 Medical Officer of Health
Date 08-07-2026 Surat Municipal Corporation

SBI સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા
બ્રાન્ચ: સ્ટ્રેસ્ડ એસેટ્સ મેનેજમેન્ટ બ્રાન્ચ-II,
રહેજા ચેમ્બર્સ, ગ્રાઉન્ડ ફ્લોર, વિંગ -બી, ફ્રી પ્રેસ જર્નલ માર્ગ, નરીમાન પોઇન્ટ મુંબઈ 400021 ફોન નં: 022-41611429, ઈ-મેઈલ આઈડી: team7.15859@sbi.co.in

(નિયમ 8 (1)) કબ્જા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જેમ કે અધોહસ્તાક્ષરકર્તા, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વંચાણમાં લેતા કલમ 13(12) હેઠળ મળેલ સત્તાની રૂએ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, SAM II બ્રાન્ચ, રહેજા ચેમ્બર્સ, ગ્રાઉન્ડ ફ્લોર, વિંગ B, ફ્રી પ્રેસ જર્નલ માર્ગ, નરીમાન પોઇન્ટ, મુંબઈ-400 021 ના અધિકૃત અધિકારી હોવાથી, સદર કાયદાની કલમ 13(2) હેઠળ તારીખ 08/05/2018ના રોજ એક ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં દેવાદાર કંપની મેસર્સ એનર્જેટિક ગ્લોબટેક્સ પ્રાઇવેટ લિમિટેડ અને જામીનદારો શ્રી સંજય રામજીદાસ જુનેજા, શ્રી પ્રમોદ અર્જુન ઠાકુર, શ્રી નિકુંજ રમેશ કાપડિયા અને શ્રી રમેશચંદ્ર એચ. ગેટોરવાલાને નોટિસમાં જણાવેલી રકમ રૂ. 11,04,00,579/26- (અંકે રૂ. અગિયાર કરોડ ચાર લાખ પાંચસો ઓગણાએંસી અને છવ્વીસ પૈસા પૂરા) તારીખ 28/06/2017ના રોજ સુધીની, તે પછીના વ્યાજ, આકસ્મિક ખર્ચાઓ, લાગત વગેરે કરારબદ્ધ દરે, જે ઉપરોક્ત રકમ પર માસિક ધોરણે ચક્રવૃદ્ધિ વ્યાજ તરીકે ગણાશે, તે ચૂકવણીની તારીખ સુધી, સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર ચૂકવી દેવા માટે આહવાન કરવામાં આવ્યું હતું.
દેવાદાર કંપની/જામીનદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી દેવાદાર કંપની, જામીનદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સદર કાયદાની કલમ 13(4) સાથે વંચાણમાં લેતા સદર નિયમોના નિયમ 8 હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આજે 18મી જૂન, 2026ના રોજ અહીં નીચે વર્ણવેલ મિલકતોનો વાસ્તવિક કબ્જો લીધો છે.
ખાસ કરીને દેવાદાર કંપની/જામીનદારો અને સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે તેઓ સદર મિલકતો સાથે કોઈ વ્યવહાર ન કરે અને મિલકતો સાથેનો કોઈપણ વ્યવહાર સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના રૂ. 11,04,00,579/26- (અંકે રૂ. અગિયાર કરોડ ચાર લાખ પાંચસો ઓગણાએંસી અને છવ્વીસ પૈસા પૂરા) તારીખ 28/06/2017ના રોજ સુધીના ચાર્જને આધીન રહેશે, અને તે પછીનું વ્યાજ, આકસ્મિક ખર્ચાઓ, લાગત વગેરે તારીખ 29/06/2017થી ચૂકવણીની તારીખ સુધી કરારબદ્ધ દરે માસિક ધોરણે ચક્રવૃદ્ધિ વ્યાજ તરીકે ગણાશે.
દેવાદાર કંપની/જામીનદારોનું ધ્યાન સિક્યોર્ડ એસેટ્સ છોડાવવા માટે ઉપલબ્ધ સમય મર્યાદાના સંબંધમાં કાયદાની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.
હાઇપોથેકેટેડ મિલકતો અને સ્થાવર મિલકતોનું વર્ણન

1. પ્લોટ નં. 7 અને 8, 'C' બ્લોક, ઉમિયા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ઉમિયા નગર, ગામ-ખટોદરા, તાલુકો-ચોર્યાસી, સુરત-395002 ખાતે આવેલી અને જામીનદાર શ્રી રમેશચંદ્ર હરિલાલ ગેટોરવાલાની માલિકીની કોમર્શિયલ ઓફિસ સહ ગોડાઉનના તમામ ભાગ અને હિસ્સાનું ઇક્વિટેબલ મોર્ગેજ.

સ્થળ: ઉમિયા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, સુરત
તારીખ: 18 જૂન, 2026
સહી/-
અધિકૃત અધિકારી, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા

વાપી મહાનગરપાલિકા- વાપી
૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ
(સેનીટેશન વિભાગ)
(જાહેર નોટિસ)

પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયલ ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ ની નવી જોગવાઈઓ અને નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સિવિલ અપીલ નં ૬૧૭૪/૨૦૨૩ મોતા ૧૯.૦૨.૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ નિર્દેશો મુજબલ વાપી શહેરના તમામ વોર્ડમાં બલ્ક વેસ્ટ જનરેટર) ખંધન(૯ માટે કડક અમલીકરણ શરૂ કરવામાં આવ્યું છે નવી જોગવાઈઓ મુજબ નીચે દર્શાવેલ કોઈપણ એક માપદંડો ધરાવતા એકમોને બલ્ક વેસ્ટ જનરેટર) "BWGs) તરીકે ગણવામાં આવશે.

» જેમનું કુલ બાંધકામ ક્ષેત્રફળ ૨૦,૦૦૦ ચોરસ મીટર કે તેથી વધુ હોય અથવા
» જેમની દૈનિક પાણીનો વપરાશ ૪૦,૦૦૦ લિટર કે તેથી વધુ હોય અથવા
» જેમના દ્વારા દૈનિક ઘન કચરાનું ઉત્પાદન ૧૦૦ કિલોગ્રામ કે તેથી વધુ થતું હોય.

આ નિયમો હેઠળ હોટલ - રેસ્ટોરન્ટો, ધાર્મિક સંસ્થાઓ, તમામ સરકારીલ અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, મોટા રહેણાંક એપાર્ટમેન્ટ્સ/ફ્લેટ/સોસાયટીઓ અને વાણિજ્યિક એકમો, શોપીંગ મોલ્સ વગેરેનો સમાવેશ થાય છે.ઉપરોક્ત માપદંડ મુજબ જે તે સંસ્થા/એકમ BWGs(માં સમાવેશ થતો હોય તે તમામે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ મુજબ તેઓની પ્રીમાઈસીસમાં જ ઉત્પન્ન થતા બાયોડિગ્રેડેબલ) ભીના કચરા (નું ઓન-સાઇટ પ્રોસેસિંગ) On-site Processing) કરવા તેમજ ઉત્પન્ન થતા સુકા કચરાનું વર્ગીકરણ કરી તેને અધિકૃત રિસાયકલર્સને આપવાનો રહે છે. બધા બલ્ક વેસ્ટ જનરેટર્સ (BWGs) ને CPCB સેન્ટ્રલાઇઝ્ડ SWM પોર્ટલપર નોંધણી કરાવવા અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમોનું સંપૂર્ણ પાલન કરવાનો નિર્દેશ આપવામાં આવે છે કાયદા હેઠળ સ્થળ પર કચરો પ્રક્રિયા અને સ્ત્રોત અલગ કરવા સહિતનું કડક પાલન ફરજિયાત છે.જો એકમ દ્વારા ઓન-સાઇટ પ્રોસેસીંગની કામગીરીમાં બેદરકારી દાખવવામાં આવશે અથવા નિયમોનું ઉલ્લંઘન કરતાં માલુમ પડશે તો નામદાર સુપ્રીમ કોર્ટના આદેશની અવમાનના ગણી સોલિડ વેસ્ટ રૂલ્સ જોગવાઈઓ અને લાગુ પડતાં અન્ય પર્યાવરણીય કાયદાઓ હેઠળ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી શકે છે.વાપી શહેરને સ્વચ્છ અને પર્યાવરણલક્ષી બનાવવાના આ અભિયાનમાં આપનો સાથ-સહકાર આવશ્યક છે.

સહી
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા
''સ્વચ્છતા આપના સૌની ફરજ, સ્વચ્છતા આપણા સૌનો અધિકાર''
નં. માહિતી/વલસાડ/ ૨૩૫/૨૦૨૬

વાપી મહાનગરપાલિકા- વાપી
૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ
(સેનીટેશન વિભાગ)
(જાહેર નોટિસ)

પર્યાવરણ,વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયલ ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ ની નવી જોગવાઈઓ અને નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સિવિલ અપીલ નં. ૬૧૭૪/૨૦૨૩ માં તા.૧૯.૦૨.૨૦૨૬ના રોજ આપવામાં આવેલ નિર્દેશો મુજબ, વાપી શહેરના તમામ ઝોન અને વોર્ડમાં આવેલ રહેણાંક એકમો અને કોમર્શિયલ એકમો દ્વારા નીચે મુજબથી ૪ પ્રકારે કચરાનું સેગ્રીગેશન કરી કચરો ડોર ટુ ડોર વાહનોમાં આપવાનો રહેશે.

» ભીનો કચરો: રસોડાનો કચરો, ફળો-શાકભાજી વગેરે.
» સૂકો કચરો: કાગળ પ્લાસ્ટિક, કાચ, ધાતુ વગેરે.
» સેનિટરી કચરો: વપરાયેલા ડાયપર,સેનિટરી પેડ્સ વગેરે (આ કચરાને ઉત્પાદક દ્વારા આપવામાં આવેલી બેગ અથવા યોગ્ય કાગળમાં સુરક્ષિત રીતે લપેટીને અલગ રાખવો).
» વિશેષ કાળજીનો કચરો (Specai Care Waste)જોખમી ઘરગથ્થુ કચરો.

કચરો શેરીઓમાં ખુલ્લી જગ્યાઓમાં ગટરમાં કે જળાશયોમાં ફેંકવોલ બાળવો અથવા દાટવો એ કાનૂની ગુનો છે. આ નિયમો હેઠળ વાપી શહેરના તમામ ઝોન અને વોર્ડમાં આવેલ રહેણાંક એકમો અને કોમર્શિયલ એકમો વગેરેનો સમાવેશ થાય છે.

જો એકમ દ્વારા ઉપરોક્ત મુજબથી ૪ પ્રકારે કચરો અલગ અલગ આપવામાં નહિ આવે અને કામગીરીમાં બેદરકારી દાખવવામાં આવશે અથવા નિયમોનું ઉલ્લંઘન કરતાં માલૂમ પડશે તો નામદાર સુપ્રીમ કોર્ટના આદેશની અવમાનના ગણી સોલિડ વેસ્ટ રૂલ્સ-૨૦૨૬ ની જોગવાઈઓ અને લાગુ પડતાં અન્ય પર્યાવરણીય કાયદાઓ હેઠળ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી શકે છે.

વાપી શહેરને સ્વચ્છ અને પર્યાવરણલક્ષી બનાવવાના આ અભિયાનમાં આપનો સાથ-સહકાર આવશ્યક છે.

સહી
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા
''સ્વચ્છતા આપના સૌની ફરજ, સ્વચ્છતા આપણા સૌનો અધિકાર''
નં. માહિતી/વલસાડ/ ૨૩૬/૨૦૨૬

ફક્ત રૂ. ૮૦/- થી શરૂ
જબરજસ્ત ફુલ એક્શન સંવાદો

આલ્ફા
બોબીદેઓલ, આલિયા ભટ્ટ, અનીલકપુર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦

ફુલ કોમેડી, હાસ્યનું મોજુ

વેલકમ ટુ ધ જંગલ
અક્ષયકુમાર, સુનીલ શેટ્ટી, પરેશ રાવલ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે: ૯.૩૦

RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ફ્રી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm ⓘ: @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

આલ્ફા
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૧.૪૦, ૧૨.૪૦, ૨.૨૦, ૩.૦૦, ૩.૩૦, ૫.૦૦, ૬.૨૦, ૭.૪૫, રાત્રે : ૯.૦૦, ૧૦.૦૦,૧૦.૩૦, ૧૧.૦૦

વેલકમ ટુ ધ જંગલ
૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૨.૧૦, ૩.૨૦, ૪.૦૦, ૬.૨૦,રાત્રે : ૮.૦૦ ૯.૨૦, ૧૦.૨૦, ૧૧.૦૦

કોકટેલ-2
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૭.૦૦, રાત્રે : ૮.૧૦

Minions and Monsters
(હિન્દી) ૯.૧૦, ૧.૪૦, ૬.૨૦

બેબી ડુ ડાઈ ડુ
(હિન્દી) ૧૧.૫૦, ૭.૦૦

નાગબંધનમ્ (હિન્દી) ૩.૩૫, રાત્રે : ૯.૩૦ | કડકનાથ (ગુજરાતી) ૫.૧૦ | જીંદગી વન્સ મોર (ગુજરાતી) ૧.૦૦, ૨.૪૦ | અધરુ છે યાર (ગુજરાતી) ૫.૩૫

RAJ IMPERIAL
Tickets Booking@Raj Imperial Inox
Ph.: 02612577777
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
INOX

ધમાલ - 4

આલ્ફા બોબી દેઓલ, આલીયા ભટ્ટ, અનીલ કપૂર
ATMOS : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, રાત્રે : ૯.૦૦

મૈં વાપસ આઉંગા
એક શો ૬.૦૫

કોમેડીનો ભરમાર
વેલકમ ટુ ધ જંગલ
ATMOS : ૧૦.૧૫, ૧૨.૦૦, ૨.૦૦, ૩.૧૫, ૫.૨૦, ૬.૩૫, રાત્રે : ૯.૧૦, ૯.૫૫

Minions and Monsters 3D હિન્દી: ૯.૦૦, ૫.૦૦, ૭.૧૦
3D હિન્દી : ATMOS : સવારે : ૧૦.૦૦

કોકટેલ-2 ૯.૧૫ ૩.૦૦, રાત્રે : ૯.૩૦

જીંદગી વન્સ મોર
(ગુજરાતી) : સવારે : ૧૧.૨૦

કર્મનું રહસ્ય ગુજરાતી: ૨.૨૫

બેબી ડુ ડાઈ ડુ ૧૨.૨૦, રાત્રે : ૯.૧૫

RAJHANS
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત

આલ્ફા
૧૧.૧૫, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, રાત્રે : ૧૦.૧૫

વેલકમ ટુ ધ જંગલ
૧૨.૪૫, ૨.૩૦, ૩.૫૦, ૫.૩૦, ૭.૦૦, રાત્રે : ૯.૦૦, ૧૦.૦૦

"Let's to gether We adopt Water Recharging Borewell System"

FIT INDIA

SURAT MUNICIPAL CORPORATION
HYDRAULIC DEPARTMENT

e-Tender (Online) invitation Notice No. DMC/HYD/09/2026-27

Tenders are invited for various Dept. works online on https://smctender.nprocure.com from Government Approved / Experienced Contractors with following Schedule.

1.	Name Of the Department	Head Water Works
	No.of Work	02
2.	Total Estimated Cost of Tender	Rs.192.84 Lacs

The detail tender notice will be made available on website www.suratmunicipal.gov.in

No.PRO/ 115/2026-27 Deputy Municipal Commissioner(D)
Date: 08-07-2026 Surat Municipal Corporation